લીફ્ટ માગીને લૂંટ ચલાવનાર ગેંગની મહિલા સૂત્રધાર ઝડપાઈ

યુવાનોને સાથે રાખીને મહિલાએ વૈષ્ણોદેવીથી લીફ્ટ માગીને કારચાલકને ચપ્પુ બતાવી ત્રિમંદિર પાસે લૂંટી લીધો હતો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક વૈષ્ણોદેવી સર્કલ પાસેથી પસાર થતી ઈકો કારમાં લીફ્ટ માગીને બેસી જઈ એક મહિલા તથા અન્ય ત્રણ શખ્સો આગળ પહોંચીને ત્રિમંદિર પાસે અંધારામાં ઈકો માલિકને છરી બતાવી લૂંટી લીધાની ઘટના બનવા પામી હતી. આ લૂંટની મહિલા સૂત્રધારને ગાંધીનગર એલસીબી પોલીસે ઝડપી પાડી છે અને અન્ય ત્રણ શખ્સો કોણ હતા તે સહિતની વિગતો બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

મહેસાણા જિલ્લાના કડી તાલુકા વિસ્તારમાં રહેતા જગદીશભાઈ રણછોડભાઈ રામી ૨૦ ડિસેમ્બરના રોજ સાંજના સુમારે પોતાની ઈકો ગાડી લઈને અમાદવાદથી કડી જઈ રહ્યા હતા તે દરમ્યાન વૈષ્ણોદેવી સર્કલ પાસેથી એક મહિલા અને ત્રણ યુવાન શખ્સો લીફ્ટ માગીને ગાડીમાં બેસી ગયા હતા. કાર ચાલકે તેમને બેસાડીને ખોરજ ઓવરબ્રિજથી ત્રિમંદિરના રસ્તે કાર ચલાવી ત્યાં સુધીમાં અંધારામાં મહિલાસહિતની ચાર જણાની ટોળકીએ પોતાનો અસલી રંગ દેખાડી દઘો અને છરી બતાવીને જગદીશભાઈને લૂંટી લીધા હતા. જેમની પાસેથી ચારેય જણાએ મળીને ચાંદીની લક્કી, રૂપિયા એક હજાર રોકડા તથા ગાડીની આરસી બૂકની લૂંટ ચલાવી હતી. જે અનુસંધાને અડાલજ પોલીસે ગુનો દાખલ કરી તપાસ ચલાવી હતી. દરમ્યાન ગાંધીનગર એલસીબી પી આઈ એસ જી પરમાર તથા તેમની ટીમે બાતમી મેળવીને લૂંટ ચલાવીને ફરાર થઈ જનાર ગેંગની મહિલા સૂત્રધારને ઝડપી પાડી છે. નવા વાડજ ગામની ગીતા લાભશંકર રાવલ આ લુંટારુ ગેંગની સાગરીત નીકળતાં તેની ધરપકડ કરી પૂછપરછ કરતાં ગેંગનો વધુ એક સાગરીત ગોતા હાઉસીંગ બોર્ડના પ્રવિણ જીવરાજ ચુડાસમાનું નામ ખુલ્યું છે. પોલીસે એ શખ્સ સહિત અન્ય ફરાર આરોપીઓની શોધખોળ આરંભી છે.

ઘ-૪ પાસે મંગળવારે એક અકસ્માત સર્જાયો હતો, જેમાં મોટરકાર મોટરસાઈકલ સાથે ટકરાતાં એક વ્યક્તિને ઈજા પહોંચી હોવાના સમાચાર છે.
(તસવીર : દિપક જાની)

ગુડા વિસ્તારમાં બાકી રહેતા ગટર-રસ્તાના કામો પૂર્ણ કરાશે

બાકી કામગીરી માટે ટૂંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૫

ગુડા વિસ્તારમાં બાકી રહેતા ગટર-રસ્તાના કામો ટૂંકમાં હાથ ધરવામાં આવશે. ટી.પી. વિસ્તારમાં રસ્તાના બાકી કામો માટે આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી કામગીરી આરંભી દેવાશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં માળખાકીય સુવિધા પુરી પાડવા માટે પ્રાથમિક જરુરિયાતના કામોને અગ્રતા આપવામાં આવી છે. વિકાસના નવતર અભિગમ સાથે ગુડા કક્ષાએથી ટી.પી. વિસ્તારમાં પાણી-ગટર અને રસ્તા સહિત પાયાની સુવિધાના કામો પૂરજોશમાં હાથ ધરી દેવાયા છે. આ ઉપરાંત ગુડા કક્ષાએથી વિકાસના આગોતરા આયોજનને ધ્યાને લઈ ગુડા વિસ્તારમાં કન્વેનશનલ હોલ, વેજીટેબલ માર્કેટ જરૂરિયાતમંદો માટે આવાસ યોજના નયનરમ્ય ઉદ્યાનો તેમજ તળાવ વિકાસની યોજનાના કામો પણ હાથ ધરવામાં આવ્યા છે. ગુડા વિસ્તારમાં આગામી વર્ષોના સંભવિત વિકાસને ધ્યાને લઈ સત્તા મંડળ દ્વારા પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા પણ માળખાકીય સુવિધાના કામોની યોજના તૈયાર કરવામાં આવી છે. જેને અનુલક્ષી ગુડા વિસ્તારમાં સુએજ ટ્રીટમેન્ટ ઉપરાંત પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ બનાવવા પણ આખરી આયોજન કરી દેવાયું છે. ટી.પી. વિસ્તારમાં કચરો એકત્રિત કરવાની બારકોડેડ અદ્યતન સિસ્ટમ અમલી બનાવી દેવાઈ છે. જ્યારે ગટર-રસ્તાના કામો સંદર્ભેપણ કામગીરીતેજ બનાવી દેવાઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગુડાના બાકી રહેતા વિસ્તારોમાં પણ ગટર-રસ્તાના કામો હાથ ધરવા ટૂંકમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેના અંતે ટી.પી. વિસ્તારમાં સમાવિષ્ટ બાકીના ગામોમાં પણ માળખાકીય સુવિધાના કામોમાં વેગ આવશે.

ગાંધીનગરમાં બે વિવિધ માર્ગ અકસ્માતોમાં બેનાં કરૂણ મોત

વૈષ્ણોદેવી સર્કલ પાસે એકટીવા ચાલક પર ટેન્કરનું ટાયર ફરી વળ્યું : સે-૧ના તળાવ સામે કારની અડફેટે મહિલાનું મોત

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર તથા નજીકના વૈષ્ણોદેવી સર્કલ પાસે સર્જાયેલા બે વિવિધ માર્ગ અકસ્માતોમાં બે વ્યકિતઓએ જીવ ગુમાવ્યા છે. સે-૧ તળાવની સામેના માર્ગ પર પુરપાટ ઝડપે જઈ રહેલી સફેદ રંગની કારના ચાલકે સે-૧માં રહેતી મહિલાને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી મુકી હતી. તો બીજા કિસ્સામાં વૈષ્ણોદેવી સર્કલ પર ટર્નીંગ લઈ રહેલા સિમેન્ટ વલ્કર ટેન્કરે બેફામ ગતિએ ટર્ન મારીને એકટીવા ચાલક વૃધ્ધને ટકકર મારી ટાયર નીચે ચગદી નાંખતા તેમનું પણ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું છે.

શહેરના સેકટર-૧-બી, પ્લોટ નં. ૧૪૧/૧ ખાતે રહેતા તુલસીબેન અમૃતભાઈ પટેલ ઈન્દ્રોડા પાર્કથી સરીતા ઉદ્યાન જવાના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયન હાઈવે પરથી બેફામ ગતિએ નીકળેલી સફેદ રંગની કારના ચાલકે તેમને હડફેટે લઈ લેતા ફંગોળાઈને જમીન પર પટકાયા હતા અને ઘટના સ્થળે જ તેમનું મૃત્યુ થવા પામ્યું હતું. આ બનાવ અંગે સે-૭ પોલીસે અજાણ્યા કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી મૃતદેહ પી.એમ. માટે મોકલી ફરાર અજાણ્યા કાર ચાલકની શોધખોળ આરંભી છે. બીજી તરફ આજે સવારના અરસામાં ગાંધીનગર નજીકના ખોરજ ગામમાં રહેતા અને એસ.જી. હાઈવે પર હોટલ ધરાવતા ૬૦ વર્ષીય ભીખાભાઈ પ્રભાભાઈ રબારી પોતાનું એકટીવા લઈને હોટલ તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન રોકેટ ગતીએ વૈષ્ણોદેવી સર્કલ પર ટર્ન મારીને સિમેન્ટ વલ્કર ટેન્કરના ચાલકે એકટીવા ચાલક વૃધ્ધને હડફેટે લઈને ટાયર નીચે કચડી નાંખ્યા હતા. જેમાં તેમનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

એકલા હાથે શહેરમાં ચાર-ચાર ઘરફોડ કરનાર શખ્સ ઝડપાયો

ઘરફોડ કરવા માટેનું તેનું મુખ્ય હથિયાર ડીસમીસ : ડીસમીસથી નકુચો પણ તોડતો અને બારીની ગ્રીલ પણ ખોલતો..!!

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં થયેલી ઘરફોડ ચોરીઓના ડિટેકશન માટે કામે લાગેલી ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે બાતમીને આધારે આજે એક ઘરફોડીયાને ઝડપી પાડયો છે. કોઈ પણ અન્ય વ્યકિતની મદદ લીધા સિવાય એકલા હાથે માત્ર ડીસમીસનો ઉપયોગ કરીને ઘરફોડ ચોરીને અંજામ આપનાર આ શખ્સે શહેરમાંથી ચાર ચાર ઘરફોડ કરી હોવાની કબુલાત કરી છે. ઘરફોડીયા શખ્સની ધરપકડ કરીને એલ.સી.બી.ની ટીમે સઘન પુછપરછ આરંભી છે.

ગાંધીનગર એલ.સી.બી. પી.એસ.આઈ. એસ.જી. પરમાર તથા તેમની ટીમે આજે બાતમીને આધારે એક રીઢા ઘરફોડીયા શખ્સને ઝડપી પાડયો છે. માત્ર ૧૯ વર્ષની ઉંમર ધરાવતો ચિરાગ દલસુખ દંતાણી મુળ રાંધેજાનો વતની છે અને હાલ સુઘડ ગામમાં રહે છે આ શખ્સને ઝડપી પાડીને સઘન પુછપરછ કરતાં તેણે ગાંધીનગર શહેરના સે-૨૧ પોલીસ મથકની હદ વિસ્તારમાં જ દિવાળી અને નવરાત્રીના તહેવાર દરમિયાન ચાર ઘરફોડ ચોરી કરી હોવાની કબુલાત કરી છે. મળતી માહિતી મુજબ આ શખ્સ કોઈ ટોળકી સાથે ફરતો ન હતો કે તેની પોતાની કોઈ ઘરફોડ ગેંગ ન હતી તે એકલા હાથે જ ઘરફોડ ચોરીને અંજામ આપતો હતો. આ ઘરફોડીયા દરવાજાના નકુચા તોડવા તથા મકાનની બારીની ગ્રીલ ખોલવા પણ માત્ર ડીસમીસનો જ ઉપયોગ કરતો હતો અને મકાનમાં પ્રવેશીને કિંમતી ચીજવસ્તુઓની ઉઠાંતરી કરતો હોવાનું બહાર આવ્યું છે. એલ.સી.બી. પોલીસે તેની ધરપકડ કરીને ઉંડાણપૂર્વક પુછપરછ આરંભી છે અને અન્ય કોઈ ગુનાઓ આચર્યા છે કે કેમ તેની પણ તપાસ શરુ કરી છે.

માર્ગ સલામતીના અભાવે શહેરના માર્ગો અકસ્માત ઝોનમાં ફેરવાયા !

ટ્રાફિક નિયમન અને ગતિ નિયંત્રણ નેવે મુકી બેફામ દોડતા બાઇકર્સથી ભયની લાગણી

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં ડગલે ને પગલે રોડ સેફટી જોખમાતી હોવાની સ્થિતિનું નિર્માણ થયું છે. ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે ગતિ નિયંત્રણની વાત નેવે મુકી વાહનચાલકો બેફામ બનતાંત ટ્રાફિક સેન્સ પણ ખોરવાઈ ગઈ છે. બીજી તરફ મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલો તેમજ ક્રોસ રોડ્સના લીધે શહેરમાં અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે ત્યારે પૈડાં પરની જિંદગી જોખમાતાં શહેરના માર્ગો એક્સિડન્ટ ઝોનમાં ફેરવાયા છે.

શહેરના ખુલ્લા અને પહોળા માર્ગો પર બનતા માર્ગ અકસ્માતના બનાવોને લીધે માર્ગ સલામતીના નામે મીંડું ચિતરાતું હોવાની ભયજનક સ્થિતિનું નિર્માણ થયું છે. બીજી તરફ ટ્રાફિક નિયમનની મંદ કામગીરી વચ્ચે માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો સંદર્ભે પણ કોઈ નક્કર આયોજન થયું નથી. જેના પરિણામે નગરના મુખ્ય માર્ગો પર સ્થિત ક્રોસ રોડ અકસ્માત ઝોનમાં ફેરવાતા હોવાની ભયજનક પરિસ્થિતિ સર્જાઈ છે.

તીવ્ર ગતિએ દોડતા બાઈકર્સને અટકાવવા પણ પોલીસ તંત્ર સક્રિય થયું નથી. શહેરના માર્ગો પર બેફામ બાઈક દોડાવી સ્ટંટ સર્જતા બાઈકર્સ રોડ સેફ્ટીની દૃષ્ટિએ જોખમી બની ગયા છે. ખાનગી વાહનોમાં પણ નિયમ વિરુદ્ધ ઠાંસી-ઠાંસીને મુસાફરો ભરવામાં આવે છે. આવા સંજોગોમાં શહેરના માર્ગો પર ટ્રાફિક નેટવર્ક સલામત બનાવવા અત્યાર સુધી કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યું નથી. રોડ સેફ્ટી કથળતા સિનીયર સિટીઝન્સ અને મહિલાઓમાં ભયની લાગણી પ્રવર્તી રહી છે. શહેરના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો ઉપર પણ ટ્રાફિકનું પ્રમાણ વધતાં રોજબરોજ અકસ્માતના બનાવો બને છે.

આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ માર્ગ સલામતીને સ્પર્શતાં પરિબળો સંદર્ભે ઝડપી અને નક્કર આયોજન હાથ ધરવા લોકલાગણી પ્રવર્તે છે.

મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને મોદીનું ગુજરાતનું મોડલ શિખવાડાય તો નવાઈ નહીં

આમ તો જીવનમાં સફળતાની વ્યાખ્યાઓ, સૂચનો કે આદર્શ રીતોને બદલવાથી વ્યક્તિનું વ્યક્તિત્વ કે સંસ્થાનો ક્ષય થઈ શકે! આ ગણિતથી આગળ નીકળીનેઆ નેતા નરેન્દ્ર મોદી પ્રો-ઈન્ક્મ્બન્સી ઊભી કરવામાંસફળ થયા કે જને સફળતાના માપદંડોને બદલ્યા. આગળ જતાં મેનેજમેન્ટના વિદ્યાર્થીઓનેરિસર્ચપેપર તરીકે મોદીનું ગુજરાતનું મોડલ શિખવાડાય તો નવાઈ નહીં. મુખ્યત્વે ત્રણ પ્રકારના વ્યક્તિઓ સમાજમાં હોય છે કે જેમાં પ્રથમ જીવનમાં પોતાના દ્રઢ સંકલ્પથી કોઈ પણ કાર્ય કરી શકે! બીજા એવા પ્રકારના વ્યક્તિઓ હોય કે જેઓ પોતાના ગુરુના આશીર્વાદનુંઅક્ષરશઃ પાલન કરીને જીવનમાં સફળતા મેળવી શકે ! અને ત્રીજા એવા પ્રકારનાક વ્યક્તિઓ હોય છે કે જોઓ પોતેદ્રઢ સંકલ્પ અને ગુરુના આશીર્વાદ સાથે એક નવી નવી જગ્યાએ પીન પોઈન્ટ મુકે કે જેમાંથી નવા-નવા અપવાદો અને રસ્તાઓ શોધાય. પોતાનો શિષ્ય એ ગુરુને પણ આશ્ચર્યચકિત કરી મુકેતેવી જગ્યાઓ છોડીનેજાય કે ખાલી જગ્યાઓ પણ ગુરુ માટે એક પડકાર અને આશીર્વાદ રૂપ હોઈ શકે !અહીં જો ખરેખર મોદીજીની તારીફ કરવા માટે જો કોઈ શબ્દો લખવાના હોય તો ગુજરાત લેવલ ઉપર એક એવું મોડલ પ્રસ્થાપિત કર્યું છે કે જેને જનતાએ ચૂંટણીમાં પોતાનું મેન્ડેટ આપીને સ્વીકાર્યું. મેચ્યોર લોકશાહીના પાયા મુખ્યત્વે ત્રણ સ્તંભો ઉપર ઊભા રહેવા જોઈએ. પહેલું સત્તા પક્ષ, બીજા વિરોધ પક્ષ અને ત્રીજો પક્ષ જે જનતા... આ ત્રીજા પક્ષમાં જેટલા વધારે પ્રમાણમાં જોશ, ઉત્સાહ, હિંમત અને આશા ભરી શકાય કે આગળના બે પક્ષમાંથી પબ્લિક એકની પસંદગી કરશે ! સમજવાની વાત ખૂબ સરળ છેકે સત્તા અને વિરોધ પક્ષે પોતાની હકારાત્મક અને સામાન્ય જનતાના પ્રશ્નોને વાચા આપી શકે તેવાં પરિબળો જે તે પક્ષ ધારદાર રજૂઆતથી ઊઠાવે તેખૂબ મહત્ત્વના છે. નરેન્દ્ર મોદીજીની ભાષણ આપવાની એક આગવી શૈલી છે. તેઓ ભાષણ આપતા હોય ત્યારે સહજતાથી શ્રોતાના દિલ અને દિમાગ સુધી વાત પહોંચી જાય તે એક કળા તેઓનું એક મોટું હકારાત્મક પરિબળ છે. ઉદાહરણ તરીકે તેઓ સભાને સંબોધતા હોય છે ત્યારે 'તમે જ્યારે ઘરની બહાર બહારગામ જાઓ ત્યારે તમારા ઘરનીચાવી કોઈ અજાણ્યાને આપો છો?' એમ પૂછે છે. ત્યારે જનતા જવાબ આપે છે, 'ના.' મોદીજી આગળ પૂછે છે, 'તો જો આપણે અજાણ્યા માણસને આપણા ઘરની ચાવી આપી શકતા ન હોઈએ તો આખા રાજ્યની ચાવી અજાણ્યા કે બહારની વ્યક્તિને કેવી રીતે આપી શકાય ? કહેવાનો મતલબ છે કે જનતા કે પબ્લિકને વિશ્વાસ સાથે એક ભરોસો આપવામાં સત્તા કે વિરોધ પક્ષ સફળ થાય તે જ આગળ જતાં લોકશાહીની ઈમારતને મજબૂત કરે છે.' વિકાસની વાત એ ફક્ત કોઈ ઈમારતો, બિલ્ડીંગો કે રસ્તાઓ પૂરતી નહીં પરંતુ એક ગૂડ ગવર્નન્સ ખૂબ અસરકારક રોલ નિભાવે છે. આ ગૂડ ગવર્નન્સ એટલે સામાન્ય પબ્લિકનેઅંદરથી એક કનેક્ટ થવોજોઈએ કે સરકારની નીતિ કે અભિગમથી તેને આંશિકથી લઈને મહત્તમ સંતોષ થતો હોય તો આ વસ્તુ એક વિકાસના સૂત્ર સાથે ક્લિક થઈ શકે છે. અને મોદીની સરકારમાં વિકાસના એ મુદ્દાએ અસર કરી. પહેલાના સમયમાં આમ તો ગુજરાતના રાજનેતાની છાપ એક કુર્તા-પાયજામા, માથે એક ટોપી પહેરીનેફરતા વ્યક્તિની ઉપસી આવે. પરંતુ જ્યારથી એક અડધી બાંયના કુર્તા સાથેકેસરી રંગના દુપટ્ટા જેવું કાપડ રાખતા હંમેશા ફોટો સેશન અને ગુજરાતનુંપ્રતિનિધિત્વ કરવા માટે તૈયાર એવી વ્યક્તિની છાપ ઉપસી આવે જે આધુનિક સમયને સ્વીકારતો આગળ વધતોવિકાસપુરુષની છાપ જોવા મળે છે. કોઈ ડેલિગેશનને સંબોધતા હોય ત્યારે ખરેખર કહેવાની ઈચ્છા થાય કે આપણા ગુજરાતના મુખ્યમંત્રી છે તેવો ગર્વ ગુજરાતી તરીકે લઈ શકાય તો શા માટે આવો રાજનેતાને લોકો દ્વારા ના સ્વીકારાય! જો વાત ગુજરાતની કરવાની હોય તો એક વાત ચોક્કસ છે કે મોદીજીએ ગુજરાતીઓને એક સંકલ્પ બળ ચોક્કસ પુરું પાડ્યું છે. આમ તો ગુજરાતની છાપ બીજા રાજયોની સરખામણીમાં એક ફાફડા, ઢોકળા કે ફક્ત ધંધો કરતા પૂરતી ન રાખતાં એક એવા નવા પ્રગતિના અભિગમ અને વિચાર સાથે જોડવાનો પ્રયત્ન કર્યો કે ગુજરાતનું મોડલ બાકી રાષ્ટ્રના બીજા રાજ્યોએ પણ માનવું અને સ્વિકારવું રહ્યું. આ જ મોદી એક એવા નેતા છે કે જેણે એક બ્રાન્ડ ઊભી કરી અને પોતાના વ્યક્તિગત સંબંધોને પણ સાઈડલાઈન પર મૂકીને ગુજરાતની જનતાને એક એવો વિશ્વાસ અને પ્રેરણા પુરી પાડી છે કે જેને આગામી નવી પેઢીને પણ ઋણ તરીકે ભવિષ્યમાં સ્વિકારવું જ પડશે. વિધાનસભાની ચૂંટણીમાં સભાઓમાં મોદીજીની ઈન્સ્ટીન્ક્ટ શૈલી વાતચીત કે પ્રશ્ન કે જવાબવાળી તે જ લોકોને તેમની ૧૮૮ જેટલી ઉડી સભા અને ૧૦૨ જેટલી રૂબરૂ મુલાકાત તેમને લક્ષ માટે તેમની પ્રતિબધ્ધતાની સાબિતી મળે છે.

-વિશ્વજીત પી. રાઓલ

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪
સૂર્યાસ્ત : ૫.૫૪

તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૪૫,૩.૩૦, ૬.૧૫, ૯.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
ખેલાડી ૭૮૬ : ૨.૦૦
: સ્ક્રીન-૩ :
દબંગ -૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦
: સ્ક્રીન-૪ :
દબંગ -૨ : ૮.૦૦,૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગોરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
દબંગ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

ચિરાગ, કલોલ

દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- જિલ્લા આરોગ્ય અધિકારી તથા જિલ્લા પંચાયત દ્વારા કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.

આપની આજ

મેષ : સમસ્યાઓનું સમાધાન થશે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થશે કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

વૃષભ : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. બૌદ્ધિક હેરાનગતિ શકય.

મિથુન : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. વ્યાપારીક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

કર્ક : વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. નવા કાર્યોથી દૂર રહો.

સિંહ : વિવાદિત વ્યાપારીક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર-વિમર્શ થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ.

કન્યા : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપારીક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. વિવાદીત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ આપશે.

તુલા : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

વૃશ્ચિક : આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થઈ શકશે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

ધન : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

મકર : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

કુંભ : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

મીન : કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળી રહેશે.

ચિરવિદાય

- સ્વ. તુલશીબેન અમૃતભાઈ પટેલ (ઉ.વ.૪૫) પ્લોટ નં. ૧૪૧/૧, સેકટર-૧/બી, ગાંધીનગર.
- સ્વ. કિશ્ના વેંકટ રેડી (ઉ.વ.૬૫) કિર્તીરાજ સોસાયટી, મુ.પો. પેથાપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. નરેન્દ્રભાઈ ધનજીભાઈ રાઠોડ (ઉ.વ.૪૮) બ્લોક નં. ૩૧/૧, છ-ટાઈપ, સેકટર-૧૬, ગાંધીનગર.
- સ્વ. ધનીબેન બેચરભાઈ સોલંકી (ઉ.વ.૮૦) જી-૧૯, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. સેંધાજી ઉદાજી વાઘેલા (ઉ.વ.૮૦) મુ.પો. લેકાવાડા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. વીજીબેન કાનાજી ઠાકોર (ઉ.વ.૩૦) મુ.પો. જેઠીપુરા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. નારણભાઈ વસરામભાઈ ભરવાડ (ઉ.વ.૭૨) ગોકુળપુરા, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. જીતેશ રેવાભાઈ પરમાર (ઉ.વ.૩૮) પ્લોટ નં. ૧૩૮/૨, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. કમલેશ ખેતસિંહભાઈ તેજપાલ (ઉ.વ.૩૮) પ્લોટ નં. ૧૭૬૦/૨, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. ઉષાબેન પ્રવીણભાઈ જેસ્વાલ (ઉ.વ.૪૬) મુ.પો. પેથાપુર, તા.,જિ. ગાંધીનગર.